ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G





ગાંધીનગરનું નવું નજરાણું - નીતનવી ઈમારતો નિર્માણ કરતું ગાંધીનગર વધુ એક સંકુલ ઉછેરી રહ્યું છે... સેક્ટર-૧૭ના હેલીપેડ ગ્રાઉન્ડની કાયાપલટ જોવા જેવી છે... ભવ્યાતિભવ્ય પ્રદર્શન સંકુલો જોયા પછી એમ ન થાય કે અહિંયા જ હેલીપેડ ગ્રાઉન્ડ હતું... અત્યંત આધુનિક ઉપકરણોથી સુસજ્જ પ્રદર્શન ખંડો ગાંધીનગરનું એક નવું નજરાણું છે... આવતીકાલે રવિવારે બોલીવુડના કિંગખાન શાહરૂખ ખાન અને અભિષેક બચ્ચન અને દિપિકા પદુકોણ જેવા લોકપ્રિય કલાકારોની ઉપસ્થિતિમાં ઝી-ટીવીના રીયોલીટી શૉનું ઓડીશન યોજાશે... ધન્ય છે ગાંધીનગરને કે જ્યાં નેતાઓ તો આવે જ પણ અભિનેતાઓ પણ આવી રહ્યા છે... (તસવીર : દિપક જાની)

# રવિવારે જાહેર સેવા આયોગની પરીક્ષા માટે જિલ્લા તંત્ર તૈયાર

## પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા : શહેરના ૪૫થી વધુ સ્થળો સહિત ૮૪ સ્થાનો પર પરીક્ષા યોજાશે : ડો. મોડિયા

ગાંધીનગર, તા.૧૦

રવિવારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજાનાર વર્ગ-૧ અને ૨ની પરીક્ષા માટેની સંપૂર્ણ તૈયારી જિલ્લા તંત્રએ પુરી કરી લીધી છે. આ માટે જિલ્લામાં એક અલયાદો સ્ટ્રોંગરૂમ બનાવાયો છે તેમજ વિશેષ પોલીસ બંદોબસ્ત લગાવવામાં આવશે.

અધિક નિવાસી કલેકટર ડૉ. એમ.બી. મોડિયાએ જણાવ્યું હતું કે જિલ્લાાં ૮૪ કેન્દ્રોના ૧૦૨૭ બ્લોકસમાં આ પરીક્ષાનું સંચાલન થશે. આ માટે આયોગના માર્ગદર્શન અંતર્ગત જિલ્લા તંત્ર એ ખાસ જાહેરનામા પણ પ્રસિધ્ધ કરી દીધા છે. જેમાં પરીક્ષા કેન્દ્રની આસપાસની ઝેરોક્ષ દુકાનો બંધ રાખવાની રહેશે, મોબાઈલ, પેજર કે કોઈ પણ પ્રકારનું ઈલેકટ્રીકલ ડિવાઈસ સાથે પરીક્ષાર્થી પરીક્ષાખંડમાં પ્રવેશ કરી શકશે નહિ.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના ૪૫થી વધુ સ્થળો કલોલમાં ૧૦ સ્થળો ઉપરાંત અડાલજમાં બે, ઝુંડાલ, બાલવા, રાંધેજા, વાસણ, પેથાપુર, કુડાસણ, રાયસણ, કોબા, ધોળાકુવા, સરગાસણ, વાવોલ, છત્રાલ, ચાંદખેડા અને મોટેરા ખાતે આ પરીક્ષાના કેન્દ્રો આવેલા છે.

ડૉ.મોડિયાએ જણાવ્યું હતું કે પરીક્ષા માટે કર્મચારીઓને તાલિમબદ્ધ કરવામાં આવ્યા છે. આ પરીક્ષા માટે ૧૯ રૂટ નિયત કરાયા છે. ૩૮ નાયબ કોર્ડિનેટર્સ આ રૂટ પર ફરજ બજાવશે. ૧૯ નાયબ કોર્ડિનેટર્સ પ્રશ્ન પત્ર લઈ જશે અને ૧૯ નાયબ કોર્ડિનેટર્સ ઉત્તરવહી પ્રશ્નપત્ર પૂર્ણ થયે લઈ પરત આવશે.

તેમણે જણાવ્યું હતું કે ૮૪ કેન્દ્રો પર તકેદારી અધિકારી તેમજ આયોગના અધિકારીઓ હાજર રહેશે આ ઉપરાંત ૮ સ્કવોર્ડ પણ સતત પરીક્ષાર્થીઓ પર નજર રાખશે. ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે દરેક કેન્દ્ર પર ચાંપતો પોલીસ બંદોબસ્ત રહેશે.

જાહેર સેવા આયોગની આ સ્પર્ધાત્મક પરીક્ષામાં જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

### દૃષ્ટિહીન ઉમેદવારોને ખાસ સમયની છૂટછાટ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત જાહેર સેવા આયોગે તેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ દૃષ્ટિહીનતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પરીક્ષામાં વધુ સમય ફાળવવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. ૪૦ ટકા કે તેથી વધુ દૃષ્ટિહીનતા ધરાવતા પરીક્ષાર્થીને પ્રશ્નપત્ર-૧ અને ૨ માટે ૧૫ મિનિટનો સમય વધુ આપવામાં આવશે. જ્યારે પ્રશ્નપત્ર-૩ માં ૨૦ મિનિટનો સમય વધારે આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં આવા ઉમેદવારોની સંખ્યા ૨૧ જેટલી હોવાનું જાણવા મળેલ છે. જે ઉમેદવાર સંપૂર્ણ અંધ હશે તેને જ લહિયાની સુવિધા પ્રાપ્ત થશે.

# ગાંધીનગરની પારૂલ પરમાર ઈચિંયોન ખાતે પેરા એશિયન ગેમ્સમાં ભાગ લેવા જશે

ગાંધીનગર, તા.૧૦

દક્ષિણ કોરિયાના ઈચિંયોન શહેરમાં આગામી ૧૮ થી ૨૪ ઓકટોબર દરમિયાન યોજાનાર પેરા એશિયન ગેમ્સમાં ભાગ લેવા ગાંધીનગરની અર્જુન એવોર્ડ વિજેતા અને ગાંધીનગરનું ગૌરવ પારૂલ પરમાર રવિવારે રવાના થશે.



એશિયાના દેશો માટે જ એશિયન રમતોત્સવ યોજાય છે. આ વર્ષે આ એશિયન રમતોત્સવ ગત ૧૮ સપ્ટેમ્બરથી ૩ ઓકટોબર દરમિયાન દક્ષિણ કોરિયાના ઈચિંયોન શહેરમાં યોજાયો હતો. આ ઈચિંયોન શહેરમાં આગામી ૧૮મી ઓકટોબર ૨૦૧૪થી વિકલાંગ રમતવીરો માટે 'પેરાએશિયન ગેમ્સ' યોજાશે. આ પેરાએશિયન ગેમ્સમાં ગાંધીનગરનું ગૌરવ પારૂલ પરમાર ભાગ લેવા માટે રવિવારે દિલ્હી જવા રવાના થશે. પારૂલ પરમાર બેડમિંટન રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે પારૂલ પરમાર અર્જુન એવોર્ડ અને એકલવ્ય એવોર્ડ મેળવી ચુકેલ છે.

# મહેસુલ તલાટી પરીક્ષાનું પરિણામ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહેસુલ વિભાગની ભરતી સમિતિ દ્વારા ગત તા. ૧૬મી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ મહેસુલ તલાટીની કુલ ૧૫૦૦ જગ્યાઓ ભરવા માટે ઓ.એમ.આર. પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાના કેટલાક ઉમેદવારોને ખોટી રીતે ભોળવી તેઓ પાસેથી નાણાં ઉઘરાવી ગાંધીનગરના સ્માર્ટ એકડેમીના સંચાલક કલ્યાણસિંહ ચંપાવત અને અન્ય વ્યક્તિઓ પકડાતા તેઓ સામે ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ કરવામાં આવી હતી. આને કારણે પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં વિલંબ થયો હતો.

આ સંદર્ભે ભરતી સમિતિના સભ્ય સચિવ અને સંયુક્ત સચિવ કે.એમ. અધ્વર્યુએ પોતાની યાદીમાં જણાવ્યું હતું કે, પોલીસ કેસ અન્વયે જરૂરી તમામ વિગતો પોલીસ ઓથોરીટિને મહેસુલ વિભાગ દ્વારા પુરી પાડામાં આવેલ છે અને તેઓ દ્વારા અત્યાર સુધીની તપાસમાં જે ઉમેદવારો ગેરરીતિ કરતાં જણાયા છે તે તમામ ઉમેદવારોની ઉમેદવારી મહેસુલ વિભાગે રદ કરી છે. આ ઉપરાંત, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ પણ જરૂરી તપાસ કરી જે ઉમેદવારોએ ઓએમઆર શીટ પર નિશાની કર્યાનું જણાવેલ તેવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરેલ છે. મહેસુલ વિભાગે ઓએમઆર શીટ પર વિવિધ પ્રકારની નિશાની કરેલ ઉમેદવારોની ઉત્તરવહીઓ ચકાસી જે ઉમેદવારોએ આવી નિશાની કરેલ છે તેની ઉમેદવારી પણ મહેસુલ વિભાગે

● અનુસંધાન પાન-૭ પર

# હરાજીમાં ૯૯૯૯ નંબર માટે વાહનમાલિકે ૨ લાખ ચુકવ્યા!

## આર.ટી.ઓ.માં ફોર વ્હીલરની નવી સીરીઝ જી.જે.૧૮ બી.ડી.ને લઈ પસંદગીના નંબરોની હરાજી થઈ : આર.ટી.ઓ.એ ૧૧લાખથી વધુ આવક મેળવી

ગાંધીનગર, તા.૧૦

આર.ટી.ઓ. કચેરી દ્વારા ફોર વ્હીલરની નવી સીરીઝ જી.જે. ૧૮ બી.ડી. માટે પસંદગીના નંબરોની ફાળવણી માટે આજે હરાજીની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે આર.ટી.ઓને રૂ. ૧૧લાખથી વધુ આવક થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે ચાર નવડાનો નંબર સૌથી ઉંચી રકમ રૂ. ૨,૦૭,૦૦૦ વસુલીને ફાળવવામાં આવ્યો હતો.

આર.ટી.ઓ. કચેરી દ્વારા ફોર વ્હીલરના નવા વાહનો માટે નવી સીરીઝ જી.જે. ૧૮ બી.ડી. શરુ કરવામાં આવી છે જયારે આ સીરીઝ અન્વયે વાહન માલિકોને પસંદગીના નંબરો ફાળવવા આર.ટી.ઓ. કચેરીમાં હરાજીની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. હરાજી દરમિયાન વિવિધ પસંદગીના નંબરો માટે ઉંચી રકમ ચુકવવામાં આવી હતી. જેના અંતે આર.ટી.ઓ. કચેરીને રૂ. ૧૧ લાખથી વધુ રકમની આવક પ્રાપ્ત થઈ છે. સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ચાર નવડા નંબર માટે વાહનમાલિકે રૂ. ૨,૦૭,૦૦૦ ચુકવ્યા હતા. આ ઉપરાંત ચાર સત્તા માટે રૂ. ૫૧,૮૮૮ અને ચાર એક્કા

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાની છે**

ગાંધીનગરના સુપ્રતિષ્ઠિત વાણિજ્યિક વિસ્તાર R-World, સે. ૨૧માં ફ્રન્ટ લોકેશન ગ્રાઉન્ડ ફ્લોર + સ્ટોર (બેઝમેન્ટ) દુકાનો વેચાણથી આપવાની છે (રેડી પઝેશન), રસ ધરાવતી વ્યક્તિઓએ સંપર્ક કરવો.

મો. : ૯૮૭૯૦ ૯૯૯૧૦

**ભોંયરૂ વેચવાનું છે**

ઓફીસ / ટ્યુશન ક્લાસીસ / ગોડાઉનને અનુરૂપ ભોંયરૂં વેચવાનું છે.

કા.એરિયા ૬૨૫ સ્કે.ફુટ

આનંદવાટિકા સોસાયટી

સે. ૨૨, ગાંધીનગર

મો. : ૯૮૭૯૦ ૯૯૯૧૦

ટાઈટલ ક્લીયર, સ્વતંત્ર રસ્તો

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર**

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |


અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી

● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.



શ્રી નરેન્દ્ર મોદી

ભારતના માનનીય વડાપ્રધાન

દ્વારા

**સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય)**

નો શુભારંભ



શ્રી નિતિન ગડકરી



શ્રી ઉપેન્દ્ર કુશવાહા

અન્ય ગણમાન્ય સદસ્ય

શ્રી નિતિન ગડકરી
માનનીય કેન્દ્રીય ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ
પેયજળ અને સ્વચ્છતા, માર્ગ પરિવહન, ધોરીમાર્ગ અને પોત પરિવહન મંત્રી

શ્રી ઉપેન્દ્ર કુશવાહા
માનનીય ગ્રામીણ વિકાસ
પંચાયતી રાજ, પેયજળ અને સ્વચ્છતા રાજ્યમંત્રી

davp 35101/13/0007/1415

**યોજનાની મુખ્ય બાબતો :**

૧) આ યોજનાનો ઉદ્દેશ માર્ચ, ૨૦૧૯ સુધી ત્રણ આદર્શ ગામોનો વિકાસ કરવાનો છે, જેમાંથી એક ગામનો વિકાસ વર્ષ ૨૦૧૬ સુધીમાં કરી દેવામાં આવશે. ત્યારબાદ, વર્ષ ૨૦૨૪ સુધી એવા પાંચ આદર્શ ગામો (પ્રતિવર્ષ એક)ની પસંદગી કરવામાં આવશે.
૨) સાંસદ આદર્શ ગામ યોજના (એસએજીવાય)નો ઉદ્દેશ્ય ગામોનો માત્ર ભૌતિક અને સામાજીક વિકાસ જ નહિ પરંતુ સમગ્ર વિકાસ કરવાનો છે.
૩) આનો ઉદ્દેશ ગામમાં અને ગામવાસીઓમાં પારસ્પરિક સહોયગ, સ્વસહાયતા અને આત્મનિર્ભરતા વધારવા, ગરીબીમાંથી બહાર લાવવામાં ગામના અતિગરીબ અને સુવિધાવિબિન લોકોની મદદ કરવા તથા એમના કલ્યાણ કરવા માટે, સ્થાનિક સાંસ્કૃતિક વિરાસતને સહેજવા અને એને પ્રોત્સાહન આપવા જેવા સ્નાતિનક નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે.
૪) ગ્રામ પંચાયત, ગ્રામ સભા અને ગામના તમામ વર્ગોની સંપૂર્ણ ભાગીદારી સાથે સંસદ સભ્યના નેતૃત્વ, ક્ષમતા, પ્રતિબદ્ધતા અને શક્તિઓને ઉપયોગમાં લાવવા.
૫) લોકોની આકાંક્ષાઓ અને સ્થાનિક ક્ષમતા અનુસાર સમગ્ર વિકાસના ઉદ્દેશ સાથે વિભિન્ન સરકારી યોજનાઓ અને કાર્યક્રમો, વ્યક્તિગત અને સ્વૈચ્છિક પહેલમાં તાલમેલ બેસાડવા.

તારીખ : ૧૧ ઓક્ટોબર, ૨૦૧૪
સમય : સવારે ૧૦-૧૫ કલાકે
સ્થળ : વિજ્ઞાન ભવન, નવી દિલ્હી

**ગ્રામીણ વિકાસ મંત્રાલય**

ભારત સરકાર

pmindia.gov.in rural.nic.in

આના પર જુઓ
www.youtube.com/inbministry
www.ddinews.gov.in
www.sagy.gov.in

અહીંયાથી જોડાવ
www.mygov.nic.in
IndiaRuralDev



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com